# (1) બરફ જેવાં સ્વજનો

–જ્યોતી ઉનડકટ

'મારાં સ્વજન કોલ્ડ સ્ટોરેજમાં જામતા બરફ જેવાં છે. કોઈ દીવસ ઓગળતાં નથી. હું પણ એ જ કોલ્ડ સ્ટોરેજની જણસ છું. છતાં રોજ ટીપે ટીપે પીગળું છું. મનમાં જામેલો બરફ ઓગળીને આંખોમાં થીજી જાય છે. શું એ લોકોને કંઈ નહીં થતું હોય ?'

દીવાળીની આતશબાજીની જેમ મીતાલીના અવાજમાં દર્દ લબકારા લેતું હતું. લગ્ન પછી એની આ સાતમી દીવાળી છે. એ કહે છે કે દર વર્ષે ટોડલે દીવો મુકતી વખતે પપ્પાના ઘરે દીવાળીએ દીવો કરતી હતી એ વાત યાદ આવી જાય છે. શું ત્યાં હજી એ જ દીવો થતો હશે ? એ જ જગ્યાએ રંગોળી પુરાતી હશે ?

શું પપ્પાને કંઈ કરતાં કંઈ યાદ નહીં આવતું હોય ? કપડાંની ચૉઈસ કે ફટાકડાની જીદ. પચીસ વરસની હતી તો પણ હું દાઝી ન જાઉં એ માટે ફટાકડા ફોડતી વખતે પપ્પા મારી સાવ પાછળ ઉભા રહેતા. 'ફટાકડા ફોડવા છે તો પહેલાં કૉટનનાં કપડાં પહેરો. બૉમ્બ હાથમાં નહીં સળગાવવાનો'...નાની નાની વાતોનું કેટલું ધ્યાન રાખતા હતા !

આ સાત વરસમાં કોઈ દીવસ એમને એવું નહીં થયું હોય કે મારી દીકરી ક્યાંક દાઝી તો નહીં હોય ને ? એક ફોન નહીં; કોઈ વાતચીત નહીં ! આવું કેમ બની શકે ? ભલેને મેં ભાગીને લગ્ન કર્યાં હોય. ભલેને પપ્પાએ કહ્યું હોય કે, 'મારે માટે એ મરી ગઈ છે.' એ જ પપ્પા પહેલાં કહેતાં, 'તું તો મારા ઘરની કોયલ છે.' હવે કયો ટહુકો એમને સંભળાતો હશે ?

ક્યારેક ગુસ્સો આવી જાય છે. શું એમના કાને બહેરાશ આવી ગઈ છે કે એમની કોયલનો ટહુકો યાદ આવતો નથી ? પછી થાય છે કે ના એવું નહીં જ હોય. દીવાળીના દીવસે લાપસીનો પહેલો કોળીયો મોંમાં મુકતી વખતે હું જરુર યાદ આવતી હોઈશ. ફુલઝરના ઝગમગાટમાં પપ્પાને મારો ચહેરો દેખાતો હશે.

જીન્દગીની હાર્ડ ડીસ્કમાં સેવ થયેલા સ્મરણ એમ ડીલીટ થતાં નથી. રીસાઈકલ બીનમાં પડી રહેલાં આવાં સ્મરણ વારે વારે તાજાં થઈ જાય છે. આંખમાં એક રંગોળી ઉઠે છે અને આશીર્વાદ માટે ઉઠેલા હાથોનો સ્પર્શ અનુભવાય છે.

મીતાલી કહે છે કે હું જરાયે દુઃખી નથી. મેં પણ આજે નવાં કપડાં પહેર્યાં છે. આંગણે રંગોળી પુરી છે. ટોડલે દીવો કર્યો છે. મને કોઈ ફરીયાદ નથી, તો પછી એ લોકોની ફરીયાદ કેમ દુર થતી નથી ? મારા દરેક વર્તનમાં એમના જ સંસ્કાર રિફ્લેક્ટ થાય છે. હજુયે એ જ રીતે પગલાં ભરું છું, જે રીતે પપ્પાએ શીખવ્યું હતું. તો પછી આ દુરી કેમ આવી ગઈ ?

‘હાથ છુટે ભી, તો રીશ્તે નહીં તુટા કરતેં’... હાથ છુટી ગયો છે; પણ સમ્બન્ધ ? દીવાલ પર ટીંગાયેલાં તારીખીયાનાં પાનાં ખરતાં રહે છે. એ હાથ દુર ને દુર જતો રહે છે. જે હાથ મારા માથા પર વહાલ થઈને ફરતો હોય છે એ હાથ તમાચો કેમ બની જતો હશે ?

ખેર ! અગેઈન કહું છું, હું જરાયે દુઃખી નથી. પ્રીયજન સાથે ભાગીને લગ્ન કર્યાં છે એનો પસ્તાવો નથી. પપ્પા માટે ભલે હું મરી ગઈ હોઉં; પણ મારા માટે એ બધા જ જીવે છે. હું પણ જીવું છું.

એમણે કદાચ પોતાનાં સ્મરણ મનમાં દફનાવી નફરતની એક કબર ઉભી કરી દીધી હશે. એ વીચાર આવે છે ત્યારે પણ થાય છે કે લોકો કબર પર પણ ક્યારેક ફુલ ચડાવવા આવે છે. મૃત્યુતીથીએ પણ માણસો યાદ કરે છે. કમ સે કમ ‘તું મરી ગઈ છે’ એવું બોલવાની તારીખને મારી મૃત્યુતીથી સમજીને યાદ નહીં કરતા હોય ? સૉરી, સારા દીવસે આવી વાત બોલવી નહીં જોઈએ; પણ બોલાઈ જાય છે.

ઘણી વખત એવું થાય છે કે હુંય બધું ભુલી જાઉં; પણ હું ભુલી શકતી નથી કે પપ્પા–મમ્મીની વાતો પર હું કેવી હસી પડતી હતી. મમ્મી કહેતી કે તું હસે છે તો જાણે ઘરની બધી જ દીવાલો મહેકી ઉઠે છે. એ દીવાલ પર મારો જે ફોટો હતો એ તો એમણે તોડીને ફેંકી દીધો છે; પણ મનની દીવાલો પર અંકાયેલી યાદો પણ ભુંસાઈ ગઈ હશે ?

જીન્દગી છે; ચાલતી રહેવાની છે. એમની પણ અને મારી પણ. કંઈ જ નથી જોઈતું. કોઈ અપેક્ષા નથી. કોઈ ફરીયાદ નથી; છતાં પણ એવું શું છે, જે વારેતહેવારે કુંપળ બની ફુટી જાય છે, એ કુંપળનો સ્પર્શ થઈ જાય છે અને કેટલીક ફુમાશ તાજી થઈ જાય છે ! હું એ કોલ્ડ સ્ટોરેજના દરવાજા તોડીને બહાર આવી ગઈ છું એટલે જ ક્યારેક પીગળી જાઉં છું; પણ પેલો બરફ પીગળતો નથી.

હું સુખી છું. પછી જેમણે કાયમ મારું સુખ ઈચ્છ્યું એ લોકો કેમ સુખી નથી ? હું તો પ્રાર્થના કરું છું કે તમે સુખી રહો–મને ભુલીને પણ. ભલે તમારાં આંસુ પણ તમારા કોલ્ડ સ્ટોરેજની જેમ જામીને બરફ થઈ જાય. પણ મારે બરફ થવું નથી. મારે તો ઝરણાની જેમ વહેતું રહેવું છે. એક જગ્યાએ થીજી નથી જવું.

મીતાલી પુછે છે કે મારા જેવી કેટલી પ્રીયદર્શીની હશે ? હું તો આ નવા વર્ષે એવી પ્રાર્થના કરું છું કે એમનાં આપ્તજનો કોલ્ડ સ્ટોરેજના બરફ જેવાં ન હોય... (પાનઃ ૨૧–૨૨)

## (2) સન્તાનોને એમની રીતે જીવવા દો...

‘દીકરી વહાલનો દરીયો કે અરમાનોનો જનાજો ?’ આવા હેડીંગ સાથે સરસ અક્ષરે લખાયેલો એક પત્ર મળ્યો. આખી જીન્દગી બાળકોને પોતાના જીવની જેમ ઉછેરીને મોટાં કર્યાં પછી એમને માબાપનાં અરમાનોનું ખુન કરવાનો અધીકાર કોણે આપ્યો એવી ફરીયાદ એ પત્રમાં કરવામાં આવી છે.

ભાવનગર રહેતા રમણીકભાઈ અને દીવ્યાબહેને આવા અનેક સવાલો ઉઠાવ્યા છે. આ દમ્પતીને સન્તાનમાં એક દીકરી અને એક દીકરો. મધ્યમ વર્ગનો પરીવાર. પતી–પત્ની બન્ને નોકરી કરે. બાળકોને વ્યવસ્થીત રીતે ભણાવ્યાં, ઉછેર્યાં અને મોટાં કર્યાં. દીકરો કામે લાગી ગયો ને દીકરી પણ ટીચર બની નોકરીએ લાગી.

પરીવારની આંખોનો તારો તો દીકરો; પણ મા–બાપનો જીવ દીકરીમાં. આખા ઘરને ચહેકતું રાખતી રીયા જેમ કહે તેમ ઘરમાં થાય. નાની નાની વાતમાં પણ રીયાનો ઓપીનીયન જ

માનવામાં આવે. સમજુ અને સારી નીર્ણયશક્તી ધરાવતી રીયા, મા–બાપ અને ભાઈ માટે જાણે જીવનનું ધ્યેય હતી.

રમણીકભાઈ કહે છેઃ ‘બે મહીના પહેલાંની વાત છે. રીયાએ અમને ફોન કરીને કહ્યું કે મારી સાથે નોકરી કરતા પરનાતના યુવક સાથે મેં લગ્ન કરી લીધાં. અમે ઘડીભર તો અવાક્ થઈ ગયાં કે આ કોઈ દુઃસ્વપ્ન તો નથી ને ? પછી અમે હકીકત સ્વીકારીને દીકરીને ગુજરાતી રસમ પ્રમાણે પરણાવી તથા કરીયાવર કરીને વળાવી.

દીકરીને એના સાસરે વાર–તહેવારે મળવા માટે જતાં આ મા–બાપનાં મનમાં એક સવાલ હમેશાં ઉઠે છે કે અમારાં અરમાનોનું ખુન કરવાનો અધીકાર દીકરીને કોણે આપ્યો ?

રમણીકભાઈ કહે છેઃ ‘આખી જીન્દગી બાળકોની સુખાકારી માટે અમે બન્નેએ દીવસ–રાત જોયા વીના નોકરી કરી. દુનીયાની દરેક સવલત આમને આપવાની કોશીશ કરી. અમને એવું યાદ નથી કે બન્ને બાળકોએ કદી અમને પરેશાન કર્યાં હોય કે ટૅન્શન આપ્યું હોય. બેય ડાહ્યાં હતાં. જો કે રીયાની એક ભુલે અમારા હસતા–રમતા પરીવારને વીખેરી નાખ્યો.’

મનમાં ને મનમાં હીજરાતાં મા–બાપે એક દીવસ રીયાને પુછ્યું કે તેં કર્યું એ વાજબી છે ? રીયાએ હસીને જવાબ આપ્યોઃ ‘વાજબી છે કે નહીં એ મને ખબર નથી; પણ હું બહુ ખુશ છું એટલી મને ખબર છે.’ આ મા–બાપને એમ થાય છે કે દીકરીને પોતાની ખુશીથી વધુ મહત્ત્વનું કંઈ જ નથી. અમારી આંખોનું જે નુર હતી એ દીકરીને હવે અમારી આંખોની વ્યથા વંચાતી નથી.

દીવ્યાબહેન કહે છે કે રીયા ખુબ ભણેલી છે એટલે અમારે એને સારા અને શ્રીમંત પરીવારમાં વળાવવી હતી. પણ રીયાની એક ભુલથી અમારા પરીવાર પર વ્યથાનાં વાદળ આવી ગયાં છે.

દીવ્યાબહેન અને રમણીકભાઈની વ્યથા કદાચ એમની જગ્યાએ સાચી હશે; પરન્તુ આજનો જમાનો જરા જુદો છે. હમ્મેશાં આપણે ધારીએ તેમ થતું નથી હોતું. એવું જરુરી પણ નથી કે બાળકો મોટાં થયાં પછી પણ એમની જીન્દગીના દરેક નીર્ણય એ તમને પુછીને જ લે. એવું માનવું પણ વધુ પડતું છે.

બાળકોને એમની રીતે જીવવાનો અધીકાર છે. એમને પોતાનાં નીર્ણયો જાતે લેવા દો. માર્ગદર્શન આપો; પણ તમારો ઓપીનીયન સંતાનો પર ઠોકી નહીં બેસાડો. કદાચ મોટો થયેલો દીકરો કે દીકરી તમારું માન રાખશે. મૅચ્યોર થયેલાં બાળકો તમારાથી કદાચ ડરે પણ ખરાં; પરંતુ એમની પાસે તમારાં સપનાં પુરાં કરવા સીવાયની પણ જીન્દગી છે. બાળકોનાં પોતાનાં પણ સપનાં હોય છે. એમની જીન્દગી પર એમનો પોતાનો પણ અધીકાર હોય છે.

બાળકોને મન એમનાં મા–બાપ આદર્શ હોય છે. પણ એ આદર્શ મુર્તીને પુજ્યે જ રાખે એવું તમે માનતા હો તો એ ખોટું છે. બાળકોને એમની રીતે નીર્ણયો લેવાનો, ભુલો કરવાનો, ભુલો સુધારવાનો પુરો અધીકાર છે. એમની પાસે એવો આગ્રહ ન રાખો કે એ તમારી વાત માને જ.

હમણાંની જ એક વાત કરું. એક બહેનપણીની વીસ વરસની દીકરીનું વેવીશાળ નક્કી થયું. મુરતીયો વીદેશથી ભારત આવવાનો છે. એ છોકરી અને છોકરાએ નક્કી કરી નાખ્યું કે સગાઈ પહેલાં બન્ને સાથે શૉપીંગ માટે મુંબઈ જશે. દીકરીએ આ નીર્ણય તેની મમ્મીને કહ્યો. મમ્મીએ ના કહી; પણ દીકરી ન માની એટલે મમ્મીએ પોતાની નારાજગી દર્શાવીને છેવટે નાછુટકે દીકરીને મંજુરી આપી.

રમણીકભાઈ, દીવ્યાબહેન અને એ બહેનપણી એમ ત્રણેય પોતાનાં સંતાનોને રાજી રાખવામાં પોતાની ખુશી સમજે છે. બાળકો તમારી મરજી કે તમારા સ્વભાવ વીરુદ્ધ કોઈ વાત કરે તો એને પણ સમજવાં જોઈએ. કદાચ બાળકો એમની રીતે સાચાં  પણ હોઈ શકે. મા–બાપને એક જ વાત કરવાની કે સંતાનો એમના નીર્ણયમાં ખોટાં પડે તો, એમને પોતાની જ વાત સાચી હતી એવું પ્રતીત કરાવવાને બદલે એના કપરા સમયમાં સાથ આપવાનું કદી ન ભુલશો. (પાનઃ૯૧–૯૨)

–જ્યોતી ઉનડકટ

લેખીકાના પુસ્તક ‘વાચા’ (પ્રથમ આવૃત્તી–2009, પ્રકાશક – ‘નવભારત સાહીત્ય મંદીર’ દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ–380 001 E–mail : info@navbharatonline.com પાનાં–200, મુલ્ય– રુપીયા : 225)માંથી સાભાર...

છેલ્લાં પાંચેક વરસથી ‘ચીત્રલેખા’ સાપ્તાહીક પોતાના દરેક અંકમાં મહીલાઓ માટે ‘મૅગેઝીન વીધીન મૅગેઝીન’ એવો ‘પ્રીયદર્શીની’ વીભાગ આપે છે. તેમાંની એક અતી લોકપ્રીય કૉલમ તે ‘વાચા’. પારીવારીક જીન્દગીના સંકુલ પ્રશ્નોને ચર્ચીને વાચા આપતી આ કૉલમે વાચકોને ગજબના આકર્ષ્યા છે.

વીજ્ઞાનના વીદ્યાર્થીની બહેન જ્યોતી ઉનડકટ, છેવટે તો માસ્ટર ઓફ જર્નાલીઝમની પદવી મેળવી સફળ પત્રકાર બન્યાં જ. પોતાનાં બન્ને પુસ્તકો સસ્નેહ મોકલવા બદલ ભાઈ કૃષ્ણકાન્ત અને બહેન જ્યોતી ઉનડકટ–દંપતીનો ખુબ આભાર.. ઉત્તમ ગજ્જર

લેખીકા સંપર્કઃ જ્યોતી ઉનડકટ, 206, આર્યન એપાર્ટમેન્ટ, 37–પ્રતાપગંજ, વડોદરા - 390 002 Phone: (0265) 278 8333 Mobile: 093762 25591 e-mail: jyotiu@gmail.com

**‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષઃ** પાંચમું **– અંકઃ** 190 – April 25, 2010

**‘ઉંઝાજોડણી’**માં અને **‘શ્રુતી’** ફોન્ટમાં અક્ષરાંકનઃ **ઉત્તમ ગજ્જર** - uttamgajjar@gmail.com

હવે ‘સન્ડે ઈ–મહેફીલ’ સાપ્તાહીક નથી રહી શકી.. તે પાક્ષીક બની છે.

2005થી સતત ચાલતી રહેલી આ બહુરંગી ‘વાચનયાત્રા’ હજીયે અવીરત ચાલુ જ છે. ‘સન્ડે ઈ–મહેફીલ’ની મનગમતી કૃતી વાંચવા કે તેની પીડીએફ ડાઉન લોડ કરવા

http://gujaratilexicon.com/index.php?action=downloadSeM ની મુલાકાત લેવા વીનંતી.

તદુપરાંત અમે, પચીસ–પચીસ ‘સ.મ.’ની પીડીએફની એક, એવી સાત ઝીપફાઈલ બનાવી છે.. જેમને ડાઉનલોડ કરવું ન ફાવે તે અમને uttamgajjar@gmail.com પર લખશે તો અમે એક પછી એક તે સાતેય ઝીપ ફાઈલ તમને મોકલી શકીશું. અને આમ, તમારી પાસે **175 ‘સ.મ.’**ની પીડીએફનો સંગ્રહ અવકાશે વાંચવા સુલભ બનશે.

**@#@#@#@**